eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 243**
**August 27, 2010**

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ ધ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ



ચોમાસા દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૨૧/૦૮/૨૦૧૦ ના રોજ સીંગણપોર શહેરી આરોગ્ય કેન્દ્ર, શાકભાજી માર્કેટની સામે, સીંગણપોર ચાર રસ્તા, સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો ...

**વધુ માટે કલીક કરો >>>>>>**




## તા.૧૬/૦૮/૨૦૧૦ નાં રોજ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય ખાતા સંચાલિત ઉધના ખટોદરા અર્બન હેલ્થ સેન્ટર(સાઉથ ઝોન) ખાતે અર્બન હેલ્થ ટ્રેનીંગ સેન્ટરનું ઉદઘાટન

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય ખાતા સંચાલિત ઉધના ખટોદરા અર્બન હેલ્થ સેન્ટર (સાઉથ ઝોન) ખાતે સરકારશ્રી ધ્વારા અમલી એનઆરએચએમ/આરસીએચ કાર્યક્રમ અંતર્ગત અર્બન હેલ્થ ટ્રેનીંગ સેન્ટરનું ઉદ્દઘાટન તા.૧૬/૦૮/૨૦૧૦ નાં રોજ શ્રી સતીષભાઈ પટેલ, અધ્યક્ષ, રૂગ્ણાલયો, વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ તથા શ્રીમતિ સ્મિતાબેન પટેલ, અધ્યક્ષ, આરોગ્ય સમિતિના વરદ હસ્તે કરવામાં આવેલ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરતના મહાન સપૂત, પ્રખર સમાજસુધારક કવિનર્મદની જન્મજયંતિ નિમિત્તે કવિ નર્મદની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા તરફથી સુરતના મહાન સપૂત, પ્રખર સમાજસુધારક કવિનર્મદની જન્મજયંતિ નિમિત્તે તા. ૨૪–૦૮–૨૦૧૦ના રોજ સવારે ગાંધીબાગ, ચોકબજાર સ્થિત કવિ નર્મદની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કાર્યક્રમ પ્રસંગે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**



## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૬/૦૮/૨૦૧૦ ના રોજ યોજાયેલ વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ/ખાતમુહૂર્તવિધિ

"સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" અન્વયે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૬/૮/૨૦૧૦, ગુરૂવારના રોજ કતારગામ ઝોન વિસ્તારમાં પ્રાથમિક શાળા પાસે, છાપરાભાઠા ગામ, સુરત ખાતે યુટીલીટી સેન્ટરની લોકાર્પણવિધિ તેમજ એચ–૧ પેકેજ, **EWS** આવાસ, રિલાયન્સ ચોકડી પાસે, કોસાડ રોડ, સુરત ખાતે કોમ્યુનીટી હોલની ખાતમુહૂર્તવિધિ જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી શશીકાંતભાઈ દાલિયાના વરદહસ્તે રાખવામાં આવી હતી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ ધ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ



ચોમાસા દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૨૧/૦૮/૨૦૧૦ ના રોજ સીંગણપોર શહેરી આરોગ્ય કેન્દ્ર, શાકભાજી માર્કેટની સામે, સીંગણપોર ચાર રસ્તા, સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી સ્મીતાબેન પટેલ,રૂગ્ણાલય અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષ શ્રી સતિષભાઈ પટેલ, લાઈટ અને ફાયર સમિતિના ઉપાધ્યક્ષ શ્રીમતિ ગીતાબેન પટેલ, મ્યુનિ.સદસ્યા શ્રીમતિ પ્રભાબેન તરસરીયા, શ્રીમતિ રેણુકાબેન શાહ, શ્રીમતિ ઉર્મિલાબેન રાણા, સ્થાયી સમિતિ સભ્ય શ્રી વિનોદભાઈ મોરડીયા, મ્યુનિ સદસ્યશ્રી પરસોત્તમભાઈ માંગુકીયા, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે. કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પીટલ)ડો.હેમંત દેસાઈ,કતારગામ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી જે.એમ.ચૌહાણ, કતારગામ ઝોનના ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી ડો.એસ.એસ.દાસ,સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત,સીંગણપોર,કતારગામ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર તથા અન્ય અધિકારી/ કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ)એ કાર્યક્રમ સંબંધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતું. પ્રિવેન્શન ઈઝ બેટર ધેન કયોર મુજબ દરેક વ્યકિતએ પોતાનાં સ્વાસ્થ્ય માટે કાળજી રાખવી જોઈએ. લોકો સ્વસ્થ હશે તો સમાજ સ્વસ્થ હશે, સમાજ સ્વસ્થ હશે તો રાષ્ટ્ર સ્વસ્થ હશે. આ કેમ્પ ધ્વારા સમાજનાં છેવાડાનાં નાગરિકોને આરોગ્ય વિષયક સેવાઓ ઉપલબ્ધ થઈ છે. શહેરી વિસ્તારમાં સફાઈનું ધોરણ સુધરવાથી તથા નાગરીકો સ્વચ્છતા પરત્વે વધુ સજાગ થતા છેલ્લા વર્ષોમાં જે રોગચાળાનું પ્રમાણ વધુ જોવા મળેલ તે હાલની પરિસ્થિતિમાં ઘણું જઓછું જોવા મળેલ છે. નાગરીકોને આવા કેમ્પોની જાણકારી થાય તે માટે પ્રચાર/પ્રસાર માધ્યમોનો વધુને વધુ ઉપયોગ કરવો જોઈએ.

રૂગ્ણાલય અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષશ્રી સતિષભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા વિકાસના કામોની સાથે સાથે આરોગ્યલક્ષી બાબતો અંગે પણ ખુબ જ જાગૃત છે. નાગરીકોને પોતાના ઘર આંગણે આરોગ્યલક્ષી સુવિધાઓ વિના મૂલ્યે મળી રહે તે માટે આવા કેમ્પોનું આયોજન કરવામાં આવેલ છે. જેનો શહેરના નાગરીકોને લાભ લેવા તથા નિરોગી રહે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.

આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી સ્મિતાબેન પટેલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે," ચોમાસા દરમ્યાન પાણી જન્ય/પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ રહે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિવિધ રોગ વિષેના પોસ્ટરો, બોર્ડ ડીસ્પ્લે કરી પ્રચારપત્રિકા, ઓડીયો–વિડીયો વિઝયુલ ધ્વારા રોગોની જાણકારી તથા અટકાયત અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવે છે જેનો નાગરિકો ધ્વારા અમલ કરવામાં આવે તો રોગચાળાનું પ્રમાણ ઘટાડી શકાય.

આસી.જંતુનાશક અધિકારી શ્રીમતિ ગાયત્રીબેન જરીવાલાએ આમંત્રિત સર્વે મહાનુભાવોનું તથા મેડીકલ કેમ્પને સફળ બનાવવા બદલ સર્વેનો આભાર માન્યો હતો.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો સીંગણપોર તથા આસપાસ વિસ્તારના ૩૭૫ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૧૦૦, ચામડીના નિષ્ણાત દ્વારા ૯૪, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૩૪, બાળરોગ નિષ્ણાત દ્વારા ૩૬, ફિઝીશયન દ્વારા ૮૪, સર્જન દ્વારા ૧૫, મેડીકલ પ્રેકટીશનર્સ દ્વારા ૧૨ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.લેબ.ટેકનીશીયન દ્વારા ૧૬ તાવના દર્દીઓના નમુના લેવામાં આવ્યા હતા. ૨૦૦ ઓ.આર.એસ.પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૬૦ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ,નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૧૬૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૫૦૦, આયર્ન ફોલીક એસીડ ૧૦૩૦ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૨ બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૧૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશનર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર,આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પિટલ)ડો.હેમંત એસ.દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

TOP

## તા.૧૬/૦૮/૨૦૧૦ નાં રોજ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય ખાતા સંચાલિત ઉધના ખટોદરા અર્બન હેલ્થ સેન્ટર(સાઉથ ઝોન) ખાતે અર્બન હેલ્થ ટ્રેનીંગ સેન્ટરનું ઉદઘાટન




સુરત મહાનગરપાલિકાના આરોગ્ય ખાતા સંચાલિત ઉધના ખટોદરા અર્બન હેલ્થ સેન્ટર (સાઉથ ઝોન) ખાતે સરકારશ્રી ધ્વારા અમલી એનઆરએચએમ/આરસીએચ કાર્યક્રમ અંતર્ગત અર્બન હેલ્થ ટ્રેનીંગ સેન્ટરનું ઉદઘાટન તા.૧૬/૦૮/૨૦૧૦ નાં રોજ શ્રી સતીષભાઈ પટેલ, અધ્યક્ષ, રૂગ્ણાલયો, વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ તથા શ્રીમતિ સ્મિતાબેન પટેલ, અધ્યક્ષ, આરોગ્ય સમિતિના વરદ હસ્તે કરવામાં આવેલ.

સુરતના પ્રજાજનોને સુચારુ આરોગ્યલક્ષી સેવા પૂરી પાડવા આરોગ્ય કર્મચારીઓની તાલીમ ધ્વારા, તેઓ ધ્વારા આપવામાં આવતી રોજબરોજની આરોગ્ય સેવાનું સ્તર વધુ ઉચુ લઈ જવાનો આ તાલિમ કેન્દ્રનો મુખ્ય હેતુ છે.

આ પ્રસંગે ગુજરાત રાજયનાં ભૂતપૂર્વ અધિક નિયામક અને સુરત મહાનગરપાલિકાના આરસીએચ એડવાઈઝર ડો.વિકાસબેન દેસાઈ, સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ) ડો.હેમંત એસ.દેસાઈ, સાઉથ ઝોનનાં ઝોનલ ચીફ તેમજ ડે.કમિશ્નર(જનરલ)શ્રી મહેશસિંઘ,નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.કલ્પેશ ખત્રી,શહેરી કુટુંબ કલ્યાણ બ્યુરોના તબીબી અધિકારી(વર્ગ–૧) ડો.અરૂણાબેન પટેલ, સ્મીમેર હોસ્પિટલનાં જુદા જુદા વિભાગનાં તજજ્ઞો, આઈસીડીએસ વિભાગનાં તમામ સીડીપીઓશ્રી વગેરે હાજર રહેલ. ઉપરોકત તારીખે "**Adolescent Friendly Health Service**" નાં **Workshop** નું આયોજન કરવામાં આવેલ. જેમાં સુરત મહાનગરપાલિકાના મેડીકલ ઓફિસરો, સીડીપીઓ, એલએચવી, એફએચએસ, એસઆઈ, એસએસઆઈ, એનએમ, એફએચડબલ્યુ, આંગણવાડી સુપરવાઈઝર, આંગણવાડી કાર્યકર, લિંક વર્કર હાજર રહેલ.

TOP

# સુરતના મહાન સપૂત, પ્રખર સમાજસુધારક કવિનર્મદની જન્મજયંતિ નિમિત્તે કવિ નર્મદની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા તરફથી સુરતના મહાન સપૂત, પ્રખર સમાજસુધારક કવિનર્મદની જન્મજયંતિ નિમિત્તે તા. ૨૪–૦૮–૨૦૧૦ના રોજ સવારે ૯.૦૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર સ્થિત કવિ નર્મદની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કાર્યક્રમ પ્રસંગે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સ્થાયી સમિતિના અધયક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુ. કમિશ્નરશ્રી કુ. એસ. અપર્ણા, અન્ય સમિતિના ચેરમેનશ્રીઓ, સદસ્યશ્રીઓ તથા અધિકારીશ્રીઓ, નર્મદ યુગાવર્ત ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, નગરજનોએ ઉપસ્થિત રહી વીર કવિ નર્મદની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરી હતી. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ કવિ નર્મદના ''જય જય ગરવી ગુજરાત'' અને બીજા અનેક ગીતો ગાઈને કવિ નર્મદને સ્વરાંજલિ અર્પી હતી.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૬/૦૮/૨૦૧૦ ના રોજ યોજાયેલ વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ/ખાતમુહૂર્તવિધિ

"સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" અન્વયે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૬/૮/૨૦૧૦, ગુરૂવારના રોજ કતારગામ ઝોન વિસ્તારમાં પ્રાથમિક શાળા પાસે, છાપરાભાઠા ગામ, સુરત ખાતે યુટીલીટી સેન્ટરની લોકાર્પણવિધિ તેમજ એચ–૧ પેકેજ, **EWS** આવાસ, રિલાયન્સ ચોકડી પાસે, કોસાડ રોડ, સુરત ખાતે કોમ્યુનીટી હોલની ખાતમુહૂર્તવિધિ જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી શશીકાંતભાઈ દાલિયાના વરદહસ્તે રાખવામાં આવી હતી.





આ પ્રસંગે શાસકપક્ષના મા.નેતાશ્રી ભીમજીભાઈ પટેલે સૌનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાએ વિવિધ પ્રજાલક્ષી સુવિધાના કામો કરી ભારતમાં નંબર ૧ સ્થાન પ્રાપ્ત કર્યું છે. શાસકો અને અધિકારીઓની ટીમ સુરતે સુરતને ચાર ચાંદ લગાવ્યા છે. અમરોલી,કોસાડ, છાપરાભાઠા વગેરે જેવા વિસ્તારોમાં સ્કૂલો, યુટીલીટી સેન્ટર જેવી સુવિધાઓ પુરી પાડી છે અને ઘણા વિકાસ લક્ષી કામો કર્યા છે. ફ્રી મેડીકલ કેમ્પ વગેરે જેવી આરોગ્ય વિષયક સુવિધાઓ આપવા માટે મહાનગરપાલિકા પુરે પુરી પ્રયત્નશીલ છે.

સ્થાયી સમિતિના મા. અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે તેમના પ્રવચનમાં જણાવ્યું હતુ કે સુરત મહાનગરપાલિકાએ છેલ્લા કેટલાક વર્ષોમાં વિકાસની જે હરણફાળ ભરી છે તે વિક્રમ જનક છે પાલિકાના લાંબા ગાળાના આયોજનને કારણે આ વિસ્તારની જનતાને સુવિધાઓ પ્રાપ્ત થઈ છે. શહેરી ગરીબોને રહેવા માટે સારી સુવિધાવાળા મકાનો મળી રહે તે માટે રૂા. ૪૧૨ કરોડના ખર્ચે ૪૪ હજાર આવાસોનું આયોજન સુરત મહાનગરપાલિકા કરી રહી છે. **EWS** આવાસોમાં શાકભાજી સેન્ટર, પ્રાથમિક શાળા વગેરે જેવી સુવિધાઓ પણ આપી છે. સુરતે વિકાસની જે હરણફાળ ભરી છે એ ભવિષ્યમાં પણ ચાલુ રહેશે તેમ જણાવ્યું હતું.

**Continue …**

 

મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે આજ રોજ વોર્ડ ઓફિસ, સીનીયર સિટિઝન કેર સેન્ટર, વાંચનાલય, હોલ વગેરેની સગવડ ધરાવતાં રૂા.૪૧.૫૩ લાખના ખર્ચે તૈયાર થયેલ યુટીલીટી સેન્ટરની લોકાર્પણવિધિ થઈ. હાલ સુરત શહેરમાં સુરત મહાનગરપાલિકાના ૧૬ કોમ્યુનીટી હોલ કાર્યરત છે અને અમરોલી, છાપરાભાઠા, કોસાડના નવા સમાવિષ્ટ વિસ્તારમાં આજરોજ રૂા. ૪૯.૨૯ લાખના ખર્ચે તૈયાર થનાર ૧૭માં કોમ્યુનીટી હોલનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું છે. સુરત મહાનગરપાલિકાએ શહેરના મધ્યમ વર્ગ/ ગરીબોને ધ્યાનમાં રાખીને આ કોમ્યુનીટી હોલના ભાડાના વ્યાજબી દર નકકી કર્યા છે. બાપુનગર, રાજીવનગર વગેરે જેવા સ્લમ વિસ્તારોમાં રહેતા શહેરી ગરીબોને સુંદર, સુઘડ અને સુવિધાયુકત આવાસો ફાળવ્યા છે. આશરે સાડા ત્રણ વર્ષ અગાઉ મા. મુખ્યમંત્રીશ્રીએ અહીંના આવાસોની ખાતમુહૂર્તવિધિ કરી હતી. જે સુરત મહાનગરપાલિકાએ ટુંકા ગાળામાં તૈયાર કરી શહેરી ગરીબોને ફાળવી આપ્યા છે. તાજેતરમાં જ કતારગામ અને અમરોલી વિસ્તારને જોડતા ''પંડિત શ્યામજી કૃષ્ણવર્મા'' બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું. જેનાથી આ વિસ્તારના નગરજનોના લાખો માનવ કલાકો અને બળતણનો બચાવ થશે. આ વિસ્તારને પાણી પુરુ પાડવા માટેની દિશામાં પણ મહાનગરપાલિકા પુરે પુરી કાર્યશીલ છે. સુરત મહાનગરપાલિકા અમરોલી, છાપરાભાઠા, કોસાડ જેવા છેવાડાના વિસ્તારોમાં પણ તમામ સુવિધાઓ પુરી પાડવા કટિબધ્ધ છે. શહેરને સુંદર રાખવા માટે પ્રજાજનોનો આ તબકકે સહકાર માંગુ છું.

અંતમાં સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતિ મંજુલાબેન સાવલિયાએ મંચસ્થ મહાનુભાવો મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મા. શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, અધિકારી/કર્મચારીગણ તેમજ નગરજનોનો આભાર માન્યો હતો.

TOP